# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી / કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ બાબત

**વંચાણેઃ**–રાજય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૩.૧૦.૨૦૧૫ના પરિપત્ર ક્રમાંકઃ ઈએલસી– સી.ઓ.સી. –૩(૭)–૧૦૨૦૧૫–ક

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાઓને પરિપત્રિત કરવામાં આવે છે કે, ઉકત વંચાણે લીધેલ પરિપત્રથી રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા ગુજરાત રાજયની ૬ મહાનગર પાલિકાઓ, ૫૬ નગર પાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય / પેટા ચૂંટણી ૨૦૧૫ની જાહેરાત કરવામાં આવેલ છે જે આ સાથે સામેલ છે. સદર પરિપત્રમાં દર્શાવ્યા મુજબ તા. ૨૩.૧૦.૨૦૧૫ ( જાહેરાતની તારીખ) થી તા.૦૨.૧૨.૨૦૧૫ (પરિણામની જાહેરાત) સુધી આચારસંહિતા અમલી રહેશે.

સદર ચૂંટણી જાહેર થવાને કારણે સરકારશ્રીના જુદા–જુદા વિભાગ/ ખાતાઓ / કચેરીઓને પણ ચૂંટણી પ્રક્રિયાના સમગ્ર સમય દરમ્યાન મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ બાબતે ઉકત વંચાણે લીધેલ પરિપત્રમાં જણાવેલ બાબતોનો ચૂસ્તપણે અમલ કરવા જણાવેલ છે. જેથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના અધિકારી / કર્મચારીશ્રીઓની આદર્શ આચાર સંહિતા લાગુ થયાની તારીખથી અને પુરી થાય ત્યાં સધી કોઈપણ પ્રકારની રજાઓ મંજુર કરવી નહી તેમજ તે દરમ્યાન મુખ્ય મથકેજ હાજર રહેવું

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/જી. પં./ તા. પં./ સાચૂં–૧૫૨૦૯૪–૯૮ /૨૦૧૫**
**તા. ૨૬/૧૦/૨૦૧૫**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂઃ–**

(૧) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ.
(૨) આ વિભાગની તમામ શાખાઓ તરફ.

| ચૂંટણી |
|---|
| આચાર સંહિતા |

ક્રમાંકઃ ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૧૦૨૦૧૫–ક
રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૩–૧૦–૨૦૧૫

વિષયઃ– રાજયની ૬ મહાનગરપાલિકાઓ, ૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી ૨૦૧૫
**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.**

**પરિપત્ર :**

૧. આ સાથેના પત્રક મુજબની **રાજયની ૬ મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી** તા.૨૨–૧૧–૨૦૧૫ના રોજ અને ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાઓની સામાન્ય અને પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૯–૧૧–૨૦૧૫ના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગે તા.૨૩–૧૦–૨૦૧૫ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા.૨૩–૧૦–૨૦૧૫ થી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી હેઠળના મતદાર મંડળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે પણ કરવાનો રહે છે.

**સામાન્ય / પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | મહાનગરપાલિકા | નગરપાલિકા / જિલ્લા / તાલુકા પંચાયત |
|---|---|---|---|
| | | તારીખ | તારીખ |
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | ૨૩-૧૦-૨૦૧૫ | ૨૩-૧૦-૨૦૧૫ |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૦૨-૧૧-૨૦૧૫ | ૦૫-૧૧-૨૦૧૫ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૨-૧૧-૨૦૧૫ | ૦૫-૧૧-૨૦૧૫ |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૦૭-૧૧-૨૦૧૫ | ૧૦-૧૧-૨૦૧૫ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૦૯-૧૧-૨૦૧૫ | ૧૪-૧૧-૨૦૧૫ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૦-૧૧-૨૦૧૫ | ૧૬-૧૧-૨૦૧૫ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૨-૧૧-૨૦૧૫ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી | ૨૯-૧૧-૨૦૧૫ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૪-૧૧-૨૦૧૫ | ૦૧-૧૨-૨૦૧૫ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૬-૧૧-૨૦૧૫ | ૦૨-૧૨-૨૦૧૫ |

૨. આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંકઃરાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮ (૧)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૨) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૩) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |

ઉપરોકત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજય ચૂંટણી આયોગની વેબસાઈટ <u>sec.gujarat.gov.in</u> પર મૂકેલા છે.

૪. સંબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ **રાજયની ૬ મહાનગરપાલિકાઓ,૫૬ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી** દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજૂર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં :–

(અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.

(બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ.

(ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.

(ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.

(ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સૂચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સૂચનાનો અમલ **તા.૨૩–૧૦–૨૦૧૫** થી (જાહેરાતની તારીખ) થી **તા.૦૨–૧૨–૨૦૧૫** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર (માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- શહેર / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ. (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ / રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- પોલીસ કમિશ્નરશ્રી (સંબંધિત)
- પોલીસ અધિક્ષકશ્રી, તમામ
- રાજય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ( જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ )
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

ક્રમાંકઃ ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૧૦૨૦૧૫/ક
રાજય ચૂંટણી આયોગ
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩–૧૦–૨૦૧૫

## અખબારી યાદી

**રાજયની અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને સુરત મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની સામાન્ય તેમજ નગરપાલિકા અને તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત**

૧. આ સાથે સામેલ પત્રક મુજબની રાજયની ૬ મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની સામાન્ય અને પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવા રાજય ચૂંટણી આયોગે નીચે મુજબનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

## ચૂંટણીનો કાર્યક્રમ

| અ.નં. | વિગત | મહાનગરપાલિકા | નગરપાલિકા / જિલ્લા/તાલુકા પંચાયત |
|---|---|---|---|
| | | તારીખ | તારીખ |
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૩-૧૦-૨૦૧૫ | ૨૩-૧૦-૨૦૧૫ |
| ૨ | ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૨-૧૧-૨૦૧૫ | ૦૫-૧૧-૨૦૧૫ |
| ૩ | ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૨-૧૧-૨૦૧૫ | ૦૫-૧૧-૨૦૧૫ |
| ૪ | ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ | ૦૭-૧૧-૨૦૧૫ | ૧૦-૧૧-૨૦૧૫ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૦૯-૧૧-૨૦૧૫ | ૧૪-૧૧-૨૦૧૫ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૦-૧૧-૨૦૧૫ | ૧૬-૧૧-૨૦૧૫ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૨-૧૧-૨૦૧૫ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી | ૨૯-૧૧-૨૦૧૫ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | પુનઃ મતદાનની તારીખ ( જરૂરી જણાય તો) | ૨૪-૧૧-૨૦૧૫ | ૦૧-૧૨-૨૦૧૫ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૬-૧૧-૨૦૧૫ | ૦૨-૧૨-૨૦૧૫ |

(૧) રાજયની ૬ મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની સામાન્ય અને પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી હેઠળના વોર્ડ / મતદાર મંડળના વિસ્તારમાં **તા.૨૩–૧૦–૨૦૧૫** ના રોજ ચૂંટણીઓની જાહેરાત થતાં આદર્શ ચૂંટણી આચારસંહિતા અમલમાં આવે છે.

(૨) ચૂંટણીમાં ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવાં બાબતનું સોગંદનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(૩) આ ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે પરંતુ વ્યાજબી કારણસર રજૂ કરી શકે તેમ ન હોય તો, સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે મતદાર, રાજય ચૂંટણી આયોગના તા.૦૪–૦૧–૨૦૧૩ ના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ– સ્થા–સ્વ–૨૫–૩૨૦૧૩–ક થી નિયત કરેલ જુદા જુદા ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજૂ કરી શકશે.

(૪) રાજય ચૂંટણી આયોગે, આ ચૂંટણી માટેના મતદાનનો સમય સવારે ૮–૦૦ વાગ્યાથી સાંજના ૫–૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૫) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અનેમતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પુરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૬) રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની સામાન્ય અને પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી વીજાણુ મતદાન યંત્રો (EVM) દ્વારા કરવામાં આવશે.

(૭) અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને સુરત મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં જે મતદારોએ ઈ–મતદાર તરીકે નોંધણી કરાવેલ છે તેવા ઈ–મતદારો ઓન લાઈન વોટીગ સીસ્ટમ (OVS)થી મતદાન કરશે અને બાકીના મતદારો વીજાણુ મતદાન યંત્ર (EVM) દ્વારા મતદાન કરશે.

૨. **ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ થી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩માં સુધારા કરી, ફરજિયાત મતદાન સંબંધી જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે. આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ થયેલ સ્પે.સી.એ.૧૩૫૫૨/૨૦૧૫માં નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૧–૮–૨૦૧૫ના હુકમથી મનાઈ હુકમ આપવામાં આવેલ છે તેથી નોટા (NOTA) સહિત ફરજિયાત મતદાનની જોગવાઈઓનો અમલ કરવાનો રહેતો નથી.**

૩. **રાજ્ય ચૂંટણી આયોગ મતદારોને પાયાની લોકશાહીને વધુ મજબુત કરવા પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરી, મતદાન કરવા અનુરોધ કરે છે. આયોગ મતદારો, ઉમેદવારો, સર્વે રાજકીય પક્ષો અને જાહેર જનતા તરફથી પાયાની લોકશાહીની આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે આ રાષ્ટ્રીય / સંવૈધાનિક કામમાં સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખે છે.**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર**
૨૫ નકલ સામેલ છે, રાજયના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં જુદા જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિનામૂલ્યે પ્રસિદ્ધ થાય તે જોવા વિનંતી સહ

**નકલ સવિનય રવાનાઃ–**

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :**

- શહેર / જિલ્લા ચૂંટણી અધિકારી / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ, તેમના જિલ્લા પુરતી જુદી અખબારી યાદી આપવા તથા આ અખબારી યાદીની પણ બહોળી પ્રસિદ્ધિ થાય તે જોવાની વિનંતી સહ
- રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ
- સિલેકટ ફાઈલ

**નકલ રવાના :–**
૧. માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
૨. સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર

## નવેમ્બર–૨૦૧૫ માં ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાઓ :

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ મહાનગરપાલિકા |
| ૨ | ભાવનગર | ભાવનગર મહાનગરપાલિકા |
| ૩ | જામનગર | જામનગર મહાનગરપાલિકા |
| ૪ | રાજકોટ | રાજકોટ મહાનગરપાલિકા |
| ૫ | સુરત | સુરત મહાનગરપાલિકા |
| ૬ | વડોદરા | વડોદરા મહાનગરપાલિકા |

## મહાનગરપાલિકાઓની ચૂંટણીનો કાર્યક્રમ

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેરાતની તારીખ | ૨૩-૧૦-૨૦૧૫ |
| ૨ | ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૨-૧૧-૨૦૧૫ |
| ૩ | ચૂંટણી અધિકારીશ્રીએ ચુંટણી નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૨-૧૧-૨૦૧૫ |
| ૪ | ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખ | ૦૭-૧૧-૨૦૧૫ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૦૯-૧૧-૨૦૧૫ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૦-૧૧-૨૦૧૫ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૨-૧૧-૨૦૧૫<br>(રવિવાર)<br>સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જરૂર જણાય તો પુનઃ મતદાનની તારીખ | ૨૪-૧૧-૨૦૧૫ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૬-૧૧-૨૦૧૫ |

## નવેમ્બર–૨૦૧૫ માં ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો :

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | (૧) અમદાવાદ | ૧ | સાણંદ | ૨ | દેત્રોજ–રામપુરા | ૩ | દસક્રોઈ |
| | | | ૪ | ધંધુકા | ૫ | ધોળકા | ૬ | વિરમગામ |
| | | | ૭ | બાવળા | ૮ | માંડલ | ૯ | ધોલેરા |
| ૨ | અમરેલી | (૨) અમરેલી | ૧ | કુકાવાવ–વડીયા | ૨ | ધારી | ૩ | બગસરા |
| | | | ૪ | ખાંભા | ૫ | રાજુલા | ૬ | સાવરકુંડલા |
| | | | ૭ | લાઠી | ૮ | લીલીયા | ૯ | જાફરાબાદ |
| | | | ૧૦ | અમરેલી | ૧૧ | બાબરા | | |
| ૩ | ભરૂચ | (૩) ભરૂચ | ૧ | ભરૂચ | ૨ | હાંસોટ | ૩ | જંબુસર |
| | | | ૪ | અંકલેશ્વર | ૫ | વાગરા | ૬ | વાલીયા |
| | | | ૭ | આમોદ | ૮ | ઝઘડીયા | ૯ | નેત્રંગ |
| ૪ | ભાવનગર | (૪) ભાવનગર | ૧ | મહુવા | ૨ | ભાવનગર | ૩ | ગારીયાધાર |
| | | | ૪ | પાલીતાણા | ૫ | શિહોર | ૬ | ઉમરાળા |
| | | | ૭ | તળાજા | ૮ | વલ્લભીપુર | ૯ | ઘોઘા |
| | | | ૧૦ | જેસર | | | | |

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ગાંધીનગર | (૫) ગાંધીનગર | ૧ | કલોલ | ૨ | માણસા | ૩ | દહેગામ |
| ૬ | જૂનાગઢ | (૬) જૂનાગઢ | ૧ | માંગરોળ | ૨ | જૂનાગઢ | ૩ | ભેંસાણ |
| | | | ૪ | કેશોદ | ૫ | માળીયાહાટીના | ૬ | માણાવદર |
| | | | ૭ | મેંદરડા | ૮ | વંથલી | ૯ | વિસાવદર |
| ૭ | કચ્છ | (૭) કચ્છ | ૧ | અંજાર | ૨ | ગાંધીધામ | ૩ | અબડાસા |
| | | | ૪ | ભચાઉ | ૫ | નખત્રાણા | ૬ | ભુજ |
| | | | ૭ | લખપત | ૮ | માંડવી | ૯ | મુંદ્રા |
| | | | ૧૦ | રાપર | | | | |
| ૮ | ખેડા | | ૧ | માતર | ૨ | મહુધા | ૩ | મહેમદાવાદ |
| | | | ૪ | નડીઆદ | ૫ | ખેડા | ૬ | ઠાસરા |
| | | | ૭ | વસો | ૮ | ગલતેશ્વર | | |
| ૯ | મહેસાણા | (૮) મહેસાણા | ૧ | ખેરાલુ | ૨ | મહેસાણા | ૩ | વિજાપુર |
| | | | ૪ | વિસનગર | ૫ | બેચરાજી | ૬ | વડનગર |
| | | | ૭ | સતલાસણા | ૮ | ઊંઝા | ૯ | કડી |
| | | | ૧૦ | જોટાણા | | | | |
| ૧૦ | પંચમહાલ | (૯) પંચમહાલ | ૧ | ગોધરા | ૨ | શહેરા | ૩ | મોરવા (હડફ) |
| | | | ૪ | ઘોઘંબા | ૫ | જાંબુઘોડા | ૬ | કાલોલ |
| | | | ૭ | હાલોલ | | | | |
| ૧૧ | રાજકોટ | (૧૦) રાજકોટ | ૧ | પડધરી | ૨ | ધોરાજી | ૩ | ગોંડલ |
| | | | ૪ | જામકંડોરણા | ૫ | જસદણ | ૬ | જેતપુર |
| | | | ૭ | કોટડાસાંગાણી | ૮ | લોધીકા | ૯ | વીછીયા |
| | | | ૧૦ | ઉપલેટા | ૧૧ | રાજકોટ | | |
| ૧૨ | સાબરકાંઠા | (૧૧) સાબરકાંઠા | ૧ | ઈડર | ૨ | પ્રાંતિજ | ૩ | તલોદ |
| | | | ૪ | વડાલી | ૫ | હિંમતનગર | ૬ | વિજયનગર |
| | | | ૭ | ખેડબ્રહ્મા | ૮ | પોશીના | | |
| ૧૩ | સુરત | (૧૨) સુરત | ૧ | માંગરોળ | ૨ | ઉમરપાડા | ૩ | ચોર્યાસી |
| | | | ૪ | બારડોલી | ૫ | કામરેજ | ૬ | મહુવા |
| | | | ૭ | માંડવી | ૮ | ઓલપાડ | ૯ | પલસાણા |
| ૧૪ | તાપી | (૧૩) તાપી | ૧ | નિઝર | ૨ | સોનગઢ | ૩ | વાલોડ |
| | | | ૪ | વ્યારા | ૫ | ઉચ્છલ | ૬ | કુકરમુંડા |
| | | | ૭ | ડોલવણ | | | | |
| ૧૫ | સુરેન્દ્રનગર | (૧૪) સુરેન્દ્રનગર | ૧ | લીબડી | ૨ | ચુડા | ૩ | ચોટીલા |
| | | | ૪ | ધ્રાંગધ્રા | ૫ | દસાડા | ૬ | લખતર |
| | | | ૭ | મુળી | ૮ | સાયલા | ૯ | વઢવાણ |
| | | | ૧૦ | થાનગઢ | | | | |
| ૧૬ | વડોદરા | (૧૫) વડોદરા | ૧ | પાદરા | ૨ | ડભોઈ | ૩ | કરજણ |
| | | | ૪ | સાવલી | ૫ | શિનોર | ૬ | વડોદરા |
| | | | ૭ | વાઘોડીયા | ૮ | ડેસર | | |
| ૧૭ | વલસાડ | (૧૬) વલસાડ | ૧ | ધરમપુર | ૨ | કપરાડા | ૩ | પારડી |
| | | | ૪ | ઉમરગામ | ૫ | વલસાડ | ૬ | વાપી |
| ૧૮ | પાટણ | (૧૭) પાટણ | ૧ | પાટણ | ૨ | સિદ્ધપુર | ૩ | ચાણસ્મા |
| | | | ૪ | રાધનપુર | ૫ | સાંતલપુર | ૬ | હારીજ |
| | | | ૭ | સમી | ૮ | શંખેશ્વર | ૯ | સરસ્વતી |
| ૧૯ | નર્મદા | (૧૮) નર્મદા | ૧ | દેડીયાપાડા | ૨ | નાંદોદ | ૩ | સાગબારા |
| | | | ૪ | તિલકવાડા | ૫ | ગરૂડેશ્વર | | |
| ૨૦ | પોરબંદર | (૧૯) પોરબંદર | ૧ | કુતિયાણા | ૨ | રાણાવાવ | ૩ | પોરબંદર |
| ૨૧ | આણંદ | (૨૦) આણંદ | ૧ | બોરસદ | ૨ | ખંભાત | ૩ | પેટલાદ |
| | | | ૪ | આણંદ | ૫ | આંકલાવ | ૬ | તારાપુર |
| | | | ૭ | સોજીત્રા | ૮ | ઉમરેઠ | | |
| ૨૨ | દાહોદ | (૨૧) દાહોદ | ૧ | દેવગઢબારીયા | ૨ | દાહોદ | ૩ | લીમખેડા |
| | | | ૪ | ગરબાડા | ૫ | ધાનપુર | ૬ | ફતેપુરા |
| | | | ૭ | ઝાલોદ | ૮ | સંજેલી | | |
| ૨૩ | નવસારી | (૨૨) નવસારી | ૧ | નવસારી | ૨ | જલાલપોર | ૩ | વાંસદા |
| | | | ૪ | ચીખલી | ૫ | ગણદેવી | ૬ | ખેરગામ |
| ૨૪ | ડાંગ | (૨૩) ડાંગ | ૧ | આહવા | ૨ | વઘઈ | ૩ | સુબીર |
| | | | | | | | | |

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | જામનગર | (૨૪) જામનગર | ૧ | જામનગર | ૨ | કાલાવડ | ૩ | જામજોધપુર |
| | | | ૪ | લાલપુર | ૫ | જોડીયા | ૬ | ધ્રોલ |
| ૨૬ | બોટાદ | (૨૫) બોટાદ | ૧ | બોટાદ | ૨ | ગઢડા | ૩ | બરવાળા |
| | | | ૪ | રાણપુર | | | | |
| | | | | | | | | |
| ૨૭ | ગીર સોમનાથ | (૨૬) ગીર સોમનાથ | ૧ | વેરાવળ | ૨ | કોડીનાર | ૩ | સુત્રાપાડા |
| | | | ૪ | તલાલા | ૫ | ઊના | ૬ | ગીરગઢડા |
| ૨૮ | મહીસાગર | (૨૭) મહીસાગર | ૧ | લુણાવાડા | ૨ | કડાણા | ૩ | ખાનપુર |
| | | | ૪ | સંતરામપુર | ૫ | બાલાશિનોર | ૬ | વિરપુર |
| ૨૯ | મોરબી | (૨૮) મોરબી | ૧ | મોરબી | ૨ | માળીયા–મીયાણા | ૩ | વાંકાનેર |
| | | | ૪ | ટંકારા | ૫ | હળવદ | | |
| ૩૦ | અરવલ્લી | (૨૯) અરવલ્લી | ૧ | ભીલોડા | ૨ | મોડાસા | ૩ | મેઘરજ |
| | | | ૪ | માલપુર | ૫ | ધનસુરા | ૬ | બાયડ |
| ૩૧ | છોટા ઉદેપુર | (૩૦) છોટા ઉદેપુર | ૧ | છોટા ઉદેપુર | ૨ | જેતપુર–પાવી | ૩ | કવાંટ |
| | | | ૪ | નસવાડી | ૫ | સંખેડા | ૬ | બોડેલી |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | (૩૧) દેવભૂમિ દ્વારકા | ૧ | ખંભાળીયા | ૨ | દ્વારકા | ૩ | ભાણવડ |
| | | | ૪ | કલ્યાણપુર | | | | |

# નવેમ્બર–૨૦૧૫ માં ચૂંટણી હેઠળની નગરપાલિકાઓની યાદી :

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ | | નામ | વર્ગ | | નામ | વર્ગ |
| ૧ | અમદાવાદ | ૧ | ધોળકા | B | ૨ | વિરમગામ | B | ૩ | બોપલ–ઘુમા | B |
| ૨ | અમરેલી | ૧ | અમરેલી | A | ૨ | બગસરા | C | ૩ | સાવરકુંડલા | B |
| ૩ | આણંદ | ૧ | આણંદ | A | ૨ | ઉમરેઠ | C | ૩ | ખંભાત | B |
| | | ૪ | પેટલાદ | B | ૫ | બોરસદ | B | | | |
| ૪ | બનાસકાંઠા | ૧ | પાલનપુર | A | ૨ | ડીસા | A | | | |
| ૫ | ભરૂચ | ૧ | ભરૂચ | A | ૨ | જંબુસર | C | ૩ | અંકલેશ્વર | B |
| ૬ | ભાવનગર | ૧ | મહુવા | B | ૨ | પાલીતાણા | B | | | |
| ૭ | દાહોદ | ૧ | દાહોદ | B | | | | | | |
| ૮ | ગાંધીનગર | ૧ | દહેગામ | C | ૨ | કલોલ | A | | | |
| ૯ | દેવભૂમિ દ્વારકા | ૧ | ખંભાળીયા | C | | | | | | |
| ૧૦ | જૂનાગઢ | ૧ | કેશોદ | B | | | | | | |
| ૧૧ | કચ્છ | ૧ | અંજાર | B | ૨ | માંડવી | B | ૩ | ગાંધીધામ | A |
| | | ૪ | ભુજ | A | | | | | | |
| ૧૨ | ખેડા | ૧ | કપડવંજ | C | ૨ | નડીઆદ | A | | | |
| ૧૩ | મહેસાણા | ૧ | કડી | B | ૨ | વિસનગર | B | ૩ | ઊંઝા | B |
| | | ૪ | મહેસાણા | A | | | | | | |
| ૧૪ | નર્મદા | ૧ | રાજપીપળા | C | | | | | | |
| ૧૫ | નવસારી | ૧ | નવસારી | A | | | | | | |
| ૧૬ | પાટણ | ૧ | પાટણ | A | ૨ | સિદ્ધપુર | B | | | |
| ૧૭ | પોરબંદર | ૧ | પોરબંદર | A | | | | | | |
| ૧૮ | પંચમહાલ | ૧ | ગોધરા | A | | | | | | |
| ૧૯ | રાજકોટ | ૧ | ગોંડલ | A | | | | | | |
| ૨૦ | સાબરકાંઠા | ૧ | હિંમતનગર | B | | | | | | |
| ૨૧ | સુરત | ૧ | બારડોલી | B | ૨ | સચિન | C | ૩ | કડોદરા | C |
| ૨૨ | તાપી | ૧ | વ્યારા | C | | | | | | |

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ | | નામ | વર્ગ | | નામ | વર્ગ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧ | વઢવાણ | B | ૨ | લીમડી | C | ૩ | ધ્રાંગધ્રા | B |
| ૨૪ | વડોદરા | ૧ | ડભોઈ | B | ૨ | પાદરા | C | | | |
| ૨૫ | બોટાદ | ૧ | બોટાદ | A | | | | | | |
| ૨૬ | ગીર સોમનાથ | ૧ | વેરાવળ–પાટણ | A | ૨ | ઊના | B | | | |
| ૨૭ | મોરબી | ૧ | મોરબી | A | ૨ | વાંકાનેર | C | | | |
| ૨૮ | અરવલ્લી | ૧ | મોડાસા | B | | | | | | |

## પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાઓની ખાલી બેઠકો :–

| અ.નં. | જિલ્લો | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | વોર્ડ નંબર | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | જસદણ | C | ૧ અને ૯ | ૨ |
| ૨ | ગીરસોમનાથ | તલાલા | D | ૧ | ૧ |
| ૩ | અમરેલી | લાઠી | C | ૧ | ૧ |
| ૪ | બોટાદ | બરવાળા | D | ૧ | ૧ |
| ૫ | સુરેન્દ્રનગર | ચોટીલા | D | ૬ | ૧ |
| ૬ | ભાવનગર | ગારીયાધાર | C | ૩ | ૧ |
| ૭ | બનાસકાંઠા | ધાનેરા | C | ૧, ૨ , ૫ અને ૬ | ૪ |
| ૮ | મહેસાણા | વડનગર | C | ૮ | ૧ |
| ૯ | " | વિજાપુર | C | ૧ અને ૨ | ૨ |
| ૧૦ | પાટણ | ચાણસ્મા | D | ૧, ૨ ,૪, ૫ અને ૬ | ૧૧ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | રાવલ | D | ૫ | ૧ |
| ૧૨ | " | સલાયા | C | ૩ | ૧ |
| ૧૩ | " | ઓખા | B | ૪, ૫, ૭, ૧૦, ૧૧ અને ૧૨ | ૭ |
| ૧૪ | " | દ્વારકા | C | ૫ | ૧ |
| ૧૫ | ખેડા | ઠાસરા | D | ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ | ૧૪ |
| ૧૬ | જૂનાગઢ | વંથલી | D | ૨ અને ૩ | ૩ |
| ૧૭ | નવસારી | વિજલપોર | B | ૧૨ | ૧ |
| ૧૮ | વડોદરા | કરજણ | C | ૧ | ૧ |
| ૧૮ નગરપાલિકાઓની કુલ બેઠકો | | | | | ૫૪ |

## પેટા ચૂંટણી યોજવાપાત્ર તાલુકા પંચાયતોની ખાલી બેઠકો :–

| અ. નં. | જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળનું ક્રમ અને નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | વાવ | ૧૬–સપ્રેડા | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૨ | બનાસકાંઠા | દાંતા | ૯–ખંઢોર ઉંબરી | બિનઅનામત સામાન્ય |
| ૩ | બનાસકાંઠા | દાંતા | ૧૨–કુંવારસી | સામાન્ય |
| ૪ | બનાસકાંઠા | ભાભર | ૧–અબાસણા | અનુસૂચિત આદિજાતિ |

## નગરપાલિકાઓ/ જિલ્લા/ તાલુકા પંચાયતોની ચૂંટણીનો કાર્યક્રમ

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૩-૧૦-૨૦૧૫ |
| ૨ | ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૫-૧૧-૨૦૧૫ |
| ૩ | ચૂંટણી અધિકારીશ્રીએ ચુંટણી નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૫-૧૧-૨૦૧૫ |
| ૪ | ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખ | ૧૦-૧૧-૨૦૧૫ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૧૪-૧૧-૨૦૧૫ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૬-૧૧-૨૦૧૫ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૯-૧૧-૨૦૧૫<br>(રવિવાર)<br>સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જરૂર જણાય તો પુનઃ મતદાનની તારીખ | ૦૧-૧૨-૨૦૧૫ |
| ૯ | મતગણતરીની તારીખ | ૦૨-૧૨-૨૦૧૫ |

(મહેશ જોશી)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધનગર

સ્થળ : ગાંધીનગર
તા.૨૩–૧૦–૨૦૧૫